# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ

## ન્યૂઝલેટર ઓક્ટોબર ૨૦૨૧

Web Site : http://www.sjvggruh.org

Email : sjvgmumbai1@gmail.com

Email : sjvg222089@gmail.com

એડમિશન પ્રક્રિયા ચાલુ છે.

જૈન ધર્મના તમામ ફિરકાના બાળકોને ધોરણ ૫ થી ૧૨ અને કોલેજમા ભણવા તેમજ રહેવા માટેની સંસ્કરણ સાથેની નિ : શુલ્ક સુવિધા.


શ્રીસાવર કુંડલા
જૈન વિદ્યાર્થી ગૃહ
શ્રી મહાસુખલાલ લક્ષ્મીચંદ શેઠ
માધ્યમિક છાત્ર નિવાસ


# હર્ષની લાગણી



પ્રતિ શ્રી,

પ્રમુખ શ્રી,ટ્રસ્ટી મંડળ,દાતાશ્રી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા શુભેચ્છક મિત્રો,

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ.

જય જીનેન્દ્ર!

સવિનય સાથે જણાવવાનુ કે અમે પાર્થ મહેતા (રાજુલા)ધોરણ ૧૨ અને જીત મહેતા (જામનગર) ધોરણ ૧૧મા અભ્યાસ કરતા વિધાર્થીઓ આપણી સંસ્થાના મુંબઈ ઓફિસ સ્થિત દિક્ષીતાબેનના માર્ગદર્શન હેઠળ ઓક્ટોબર માસનો 'ઓનલાઈન' અહેવાલ આપની સમક્ષ પ્રસ્તુત કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

## વિદ્યાર્થીઓનુ અભ્યાસ કાર્ય  તેમજ દિવાળી વેકેશનની જાહેરાત




શાળા દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ દરેક વિદ્યાર્થીઓની તારીખ ૧૮ થી ૨૮ ઓક્ટોબર સુધી સત્રાંત પરીક્ષા લેવામાં આવી હતી.

તેમાં દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ મહેનત કરી હતી.

તારીખ ૨૯ ઓક્ટોબરના રોજ પરીક્ષા પૂરી થયા બાદ દરેક વિદ્યાર્થીઓને દિવાળી વેકેશન પડતા પોતાને ઘરે જવા રવાના થયા હતા.

વિદ્યાર્થીઓને દિવાળી વેકેશન ૨૧/૧૧/૨૧ ના રોજ પુર્ણ થયા બાદ તેઓ ફરીથી અભ્યાસ માટે વિદ્યાર્થીગૃહમાં હાજર થઈ જશે.

# સોફ્ટબોલની ફાઈનલ મેચમાં વિજેતા



જિલ્લા કક્ષાની U-19 સોફ્ટબોલ ભાઈઓની સ્પર્ધામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઇંગલિશ મીડીયમ શાળા ને પ્રથમ સ્થાને વિજેતા થવા બદલ અભિનંદન 💐👍

1:22 pm

તારીખ ૧૦ ઓક્ટોબરે આપણી સંસ્થાના ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા ૨ વિદ્યાર્થીઓ કુજલ જે. ભાવસાર અને નમ્ર બી. શાહ તેમની શાળા ગુરૂકુળની સોફ્ટબોલની ટીમમાં સ્થાન મેળવી અમરેલી જિલ્લાની ૬ સિલેક્ટેડ ટીમ વચ્ચે યોજાયેલી સોફ્ટબોલની ફાઇનલમેચમાં તેમની ટીમ વિજેતા બની છે, તે બદલ આ બંને વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન...



# વિદ્યાર્થીગૃહમાં નવરાત્રિની ઉજવણી



તારીખ ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી નવરાત્રિ હતી.

એ દરમ્યાન તારીખ ૧૦ ઓક્ટોબરના રોજ રવિવારની રજા હોવાથી કોમન પ્રાર્થના હોલમાં સ્પીકર પર ગરબા વગાડી વિદ્યાર્થીઓએ ગરબાની રમઝટ બોલાવી નવરાત્રિનો ખૂબ જ આનંદ લીધો હતો.

# ભુતપૂર્વ વિદ્યાર્થી મહેકભાઈ(મૌલિકભાઈ)નું સંયમ પંથે પ્રયાણ



આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી મહેકભાઈ(મૌલિકભાઈ) હેમેન્દ્રભાઇ દોશી (ઉનાવાળા) હાલ મુંબઈ સ્તિથ (ડોમ્બિવલી) ઇ.સ.૨૦૦૬ થી ૨૦૧૦ સુધી શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરનાર શૈક્ષણિક જ્ઞાન મેળવ્યું.

ત્યારબાદ તેમને આત્મ કલ્યાણ માટેના પંથ પર ચાલી દીક્ષા ગ્રહણ કરવાની અભિલાષા થતા તા.૯/૧૨/૨૧ નાં રોજ તેઓ વ્યવહાર જગતમાંથી મુક્ત થઇ પ.પૂ ગચ્છાધિપતિ આ.શ્રીમદ્ વિજય વિજ્ઞાનપ્રભસુરીસ્વરજી મ.સાહેબના સાનિધ્યમાં સંયમના માર્ગ પર પ્રયાણ કરી જૈન વિદ્યાર્થીગૃહની યશ કલગીમાં વધારો કરશે.

તો આપણે સૌ સાથે મળી તેમનુ સંયમી જીવન ઉજ્વળ બને તેવી અંતરથી શુભકામના પાઠવીએ.

# શોક સંદેશ



સાવરકુંડલા વિદ્યાર્થીગૃહના કમિટી મેમ્બર તેમજ સાવરકુંડલા નિવાસી શ્રી કનૈયાલાલ સંઘવીના સુપુત્ર શ્રી દિપકભાઈ કનૈયાલાલ સંઘવીનુ તારીખ ૨૮/૧૦/૨૦૨૧ ના અકાળ અવસાનના આઘાતજનક સમાચારથી સંસ્થામાં શોકની લાગણી પથરાઈ છે.

પ્રભુ એમના આત્માને ચીર શાંતિ બક્ષે અને તેમના પરિવારજનોના જીવનમાં આવી પડેલા અણધાર્યા આઘાતમાં સહભાગી થઈને પરિવાર સાથે ઉભા રહેવાની સંસ્થા લાગણી વ્યક્ત કરે છે.

# શુભ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે પુણ્ય કાર્ય કરવાનો અવસર

આપણી સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આપ આપના જન્મદિન નિમિત્તે, લગ્ન પ્રસંગે કે અન્ય શુભ પ્રસંગે મિઠાઈ વિતરણ ,ભોજન કે અલ્પાહાર કરાવી શકો છો.

આપણા અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ લાભ લે છે.

આ લાભ લેવા માટે આપ આપણી સંસ્થાના ગૃહપતિ શ્રી જીતુભાઈ બારોટને નીચેના નંબર ઉપર સમ્પર્ક કરી શકો છો.

જીતુભાઈ બારોટ – ૯૪૨૬૪૫૨૦૮૯.

# સ્થાનિક સમિતિના સભ્યની મુલાકાત

આપણે ત્યાં રહેલા સ્થાનિક સમિતિના સભ્ય કનુભાઈ સંઘવી, પ્રદીપભાઈ દોશી, ચેતનભાઈ દોશી અને કિશોરભાઇ મહેતા અવારનવાર વિદ્યાર્થીગૃહની મુલાકાત લેતા રહે છે.

વિદ્યાર્થીઓનુ ભણતર ઓનલાઈન હોવાથી તેઓ વિદ્યાર્થીઓના અભ્યાસ અને સ્વાસ્થ્ય બાબતે જીતુભાઈ સાથે વાતચીત કરતાં રહે છે. આ માટે  વિદ્યાર્થીઓના અભ્યાસ અને સ્વાસ્થ્યને લગતા જરૂરી સૂચનો પણ આપતા રહે છે

આ માટે શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ આપનો આભાર માને છે.

# વિદ્યાર્થીગૃહની મુલાકાત

ગયા સપ્ટેમ્બર મહિનામા આપણી સંસ્થામાં કલ્પેશભાઈ શાહ (જામનગર) દેરાસર દર્શન કરવા માટે આવેલ દેરાસર દર્શન બાદ જીતુભાઈ પાસેથી આપણી સંસ્થા વિશે માહિતી મેળવી જામનગર જતા રહ્યા હતા તેમણે તા.૨/૧૦/૨૧ ના રોજ સંસ્થામાં તેમના માતુશ્રી સ્વ.રસીલાબેન રમણીકલાલ શાહના સ્મરણાર્થે રૂ.૫૦૦૦/- ભેટ સ્વરૂપે મોકલ્યા છે તો આ માટે સંસ્થા તેનો આભાર માને છે.

# વિદ્યાર્થીગૃહની મુલાકાત



તારીખ ૦૧ ઓક્ટોબરના રોજ આપણી સંસ્થાની મુલાકાતે આપણાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અભયભાઈ દિલીપભાઇ દોશી (ઉના),શૈલેષભાઈ શાંતિલાલ શાહ (ઉના)અને રજનીકાન્તભાઈ ભીખાલાલ મહેતા આવ્યા હતા.

તેમણે સમગ્ર સંસ્થા જોઈને પોતાની જુની યાદો તાજી કરી હતી.આ શુભેચ્છા મુલાકાત દરમિયાન અભય દિલીપ ભાઇ દોશી દ્વારા સંસ્થાને ₹ ૫૦૦૧/- અનુદાન રુપે પ્રાપ્ત થયેલ છે.

# વિદ્યાર્થીગૃહની મુલાકાત



તારીખ ૦૫ ઓક્ટોબરના રોજ આપણી સંસ્થાની મુલાકાતે આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રકાશભાઈ લક્ષ્મીચંદ ધામી ગાધકડાવાળા અને તેમના મિત્ર દિનેશભાઈ નેમચંદ શાહ રાળગોનવાળા પધાર્યા હતા. તેમણે સંસ્થામાં ફરી પોતાની જુની યાદો તાજી કરી હતી.

આ મુલાકાત નિમિતે દિનેશભાઇ તરફથી સંસ્થાને ₹ ૫૦૦/- અનુદાનરુપે મળેલ છે,આ માટે સંસ્થા તેમનો આભાર માને છે.

# વિદ્યાર્થીગૃહની મુલાકાત



તારીખ ૦૭ ઓક્ટોબરના રોજ સંસ્થાની મુલાકાતે મહુવાથી આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થી મનોજભાઈ પ્રતાપરાય શાહ  (૧૯૮૪-૮૬) અને તેના ધર્મપત્ની આવ્યા હતા તેમણે સમગ્ર સંસ્થાનું પરિસર નિહાળ્યું હતુ ત્યાર પછી બપોરે વિદ્યાર્થીઓ સાથે ભોજન લીધું હતુ તેઓ આપણી સમગ્ર વ્યવસ્થા જોઈ ખુબ ખુશ થયા.તેમણે સંસ્થા માં ₹.૨૦૦/- ભેટ સ્વરૂપે લખાવી વિદાય લીધી હતી.

# વિદ્યાર્થીગૃહની મુલાકાત





તારીખ ૧૪ ઓક્ટોબરના રોજ આપણી સંસ્થામાં ૧૯૫૩ થી ૧૯૫૯ સુધી અભ્યાસ કરી ગયેલ શાંતિભાઈ વડાલીયા (ધારંગણી વાળા) મુલાકાતે આવ્યા હતા.

તેઓ સમગ્ર સંસ્થા ફરી વિદ્યાર્થીઓ સાથે પોતાના ભૂતકાળના અનુભવોને યાદ કરીને સાંજના ચોવિયાર કરી આરતીનો લાભ મુબઇ જવા માટે રવાના થયા હતા.

# વિદ્યાર્થીગૃહની મુલાકાત




તારીખ ૧૪ ઓક્ટોબરના રોજ શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહની મુલાકાતે શ્રી અનિલભાઈ આર.દોશી આવ્યા હતા.

તેમણે સમગ્ર સંસ્થાની વ્યવસ્થા જોઈ હતી ત્યારબાદ તેમણે દરેક વિદ્યાર્થીઓને મિઠાઈ ખવડાવી તેમના માતાજીના મંદિરે દર્શન કરવા પિયાવા જઈ ત્યાથી મુંબઇ જવા રવાના થવાના હતા.

# વિદ્યાર્થીગૃહની મુલાકાત



તારીખ તા.૨૬/૧૦/૨૧ ના રોજ આપણી સંસ્થાની મુલાકાતે જયેશભાઇ કાન્તિલાલ શેઠ અને પ્રમોદભાઇ સંઘવી પધાર્યા હતા.

જયેશભાઇએ શ્રી શાન્તીનાથ દાદાના દેરાસરમાં દર્શન કરી સાંજની આરતીનો લાભ લીધો હતો અને જીતુભાઈ પાસેથી સંસ્થાકીય માહિતી મેળવી સંસ્થા જોઈને વિદાય થયા હતા.

# જન્મદિવસની ઉજવણી



તારીખ ૦૫.૧૦.૨૦૨૧ ના રોજ આપણી સંસ્થામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી યશ ધંધુકિયાના જન્મદિવસ નિમિત્તે દરેક વિદ્યાર્થીઓને ચોકલેટ વિતરણ કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.





તારીખ ૧૦.૧૦.૨૦૨૧ ના રોજ આપણી સંસ્થામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી વત્સલ બેલાણીના જન્મદિવસ નિમિત્તે દરેક વિદ્યાર્થીઓને આઇસક્રીમ કોન ખવડાવી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# વાચકોના શુભેચ્છા સંદેશ

ગયા ઓક્ટોબર મહિનાના આપણા માસિક અહેવાલથી સંતુષ્ટ થઇને આપણા નીચે મુજબના શુભેચ્છક મિત્રોએ આપણને શુભકામના પાઠવી હતી.

- આપની ઉતમ સેવા અને સધાર્મિક ભક્તિની ભૂરી ભૂરી અનુમોદના (જયેશભાઈ માટલીયા)
- Good Report (નરપતભાઈ સંઘવી પ્રિન્સિપાલ વલ્લભ વિદ્યાનગર)
- અનુમોદના વારંવાર (દિક્ષિતભાઈ )
- આશાબેન ગંગર
- રાજેશભાઈ શાહ
- જયેશભાઈ સંઘવી




## સાવરકુંડલા કાર્યાલય

ઓફીસ : ૦૨૮૪૫ – ૨૨૨૦૮૯

જીતુભાઈ બારોટ : ૯૪૨૬૪ ૫૨૦૮૯

## મુંબઈ કાર્યાલય

C/O. કલ્પેશ ગારમેન્ટ
(નગીનદાસ ઝ. મહેતા)

ઓફીસ : ૦૨૨ – ૨૩૪૦૧૯૨૫

દિક્ષીતા બેન : ૯૩૭૨૯ ૪૦૮૭૮

## સા.કુ સ્થાનિક કમીટી મેમ્બર

કનુભાઈ સંઘવી : ૯૫૧૦૫ ૧૫૮૩૪

પ્રદીપભાઈ દોશી : ૯૪૨૬૪ ૫૫૬૫૫

ચેતનભાઈ દોશી : ૯૮૨૫૬ ૯૨૨૫૫

કિશોરભાઈ મહેતા : ૯૪૨૮૬ ૧૯૧૮૫